ગાંધીનગર સમાચાર

**ખરીફ ઋતુનુ વાવેતર એક લાખ હેક્ટરને પાર**

# વિધાનસભાની ચૂંટણી રૂપાણીના નેતૃત્વમાં લડાશે

## ચૂંટણીના કામે લાગી જવા કાર્યકરોને રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહની હાકલ





ગાંધીનગર, તા. ૧૯ ગુજરાતમાં ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ગુજરાત ભાજપ વિજય મેળવીને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીના વિજયનો પાયા નાંખશે તેવો આત્મવિશ્વાસ વ્યક્ત કરતા ભાજપા પ્રમુખ અમિત શાહે કાર્યકરોને વિજયના વિશ્વાસ સાથે ચૂંટણીની તૈયારીમાં કામે લાગવા માટે અનુરોધ કર્યો હતો.

ગાંધીનગર પ્રેક્ષા ભારતી ખાતે આજે ગુજરાતના નવ નિયુક્ત પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીના પદગ્રહણ અને અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કાર્યકરોને સંબોધતા ભાજપા પ્રમુખ અમિત શાહે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કાર્યકરોની મહેનત અને પરિશ્રમ તેમજ ભાજપ સરકારની પ્રજાલક્ષી કામગીરીના કારણે ગુજરાતમાં ભાજપનો વિજય નિશ્ચિત છે.

કાર્યકરોને એવો ભારત માતાકી જયનો એવો જયકાર બોલાવવાનું તેમણે કહ્યું કે દિલ્હીમાં કોંગ્રેસ કાર્યાલયમાં કોંગ્રેસને સત્તાના જે સપના જોવે છે તેને જયકારાથી ખ્યાલ આવી જાય કે ભાજપ ગુજરાતમાં વિજય બનશે.

તેમણે કાર્યકરોને આગામી ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીના મેદાનમાં આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરવાનો અનુરોધ કરતાં જણાવ્યું હતું કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના વિજયનો પાયો ૨૦૧૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપને વિજય બનાવીને નાંખીને અને યશ આપીએ.

૨૦૧૭ની ચૂંટણી માટે તૈયાર થઈ જવાનું આહવાન કરતાં તેમણે

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં હવે ડહોળા પાણીની સમસ્યા હલ થશે

## પાણીનો સપ્લાય ઘટાડી દેવાશે : કેનાલ વિસ્તારમાં ટર્બિલીટીનુ પ્રમાણ વધતા સેકટરોમાં બ્લેક વોટર આવતુ હોવાનો આક્રોશ જન આરોગ્ય સામે પણ સવાલો મંડારાયા : પાણીનો જાર ટેસ્ટ કરવા નમુના લેવાયા : અધિકારીઓની બેઠક યોજાઈ

ગાંધીનગર તા ૧૯ ગાંધીનગરના સેકટરોમાં રોજ સવાર પડતા નળમાં બ્લેક વોટર આવતા રહીશો અચરજમાં મુકાયા છે. છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં સપ્લાય થતુ પાણી ડહોળુ આવતુ હોવાનો આક્રોશ હજુ યથાવત છે. આવા સંજોગોમાં છેલ્લા બે દિવસથી વધુ ટહોળુ અને કાળાશ પડતુ પાણી આવતા નગરજનો હેબતાઈ ગયા છે. ત્યારે પાણીની ગુણવત્તાને અનુલક્ષી આરોગ્યની દ્રષ્ટીએ પણ અનેક સવાલો મંડરાયા છે. કેનાલ વિસ્તારના પાણીમાં આજે ટર્બિલીટી વધતા પાણીનો નમુનો લઈ જાર ટેસ્ટ કરવા માટેની પ્રકીયા પણ હાથ ધરવામાં આવી છે. ડહોળા પાણીની સમસ્યાને ડામવા માટે આજે પાણી પુરવઠા તેમજ માર્ગ મકાન વિભાગના અધિકારીઓની બેઠક પણ યોજવામાં આવી હતી. જેના અંતે ડહોળા પાણીની સમસ્યાને ડામવા હાલ પુરતુ પાણીનો સપ્લાય ઘટાડી દેવા પણ નિર્ણય લેવાયો છે. જેથી એકાદ દિવસમાં ડહોળાશ વગરનુ પાણી સેકટરવાસીઓને મળશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૨૦ દિવસથી ડહોળા પાણીની સમસ્યા વકરી છે. રોજ સવાર પડતા જ સેકટરોમાં ડહોળુ પાણી આવતુ હોવાની પોકાર ઉઠવા પામી છે. છેલ્લા બે દિવસથી ડહોળા પાણીની સમસ્યાએ જટીલ સ્વરૂપ પકડયુ છે. બે દિવસથી સેકટરોમાં બ્લેક વોટર આવતા નગરજનોમાં આક્રોશ પ્રવર્તયો છે. જયારે સેકટરવાસીઓમાં સપ્લાય થતા પાણીને લીધે આરોગ્યને અનુલક્ષી અનેક સવાલો મંડરાયા છે. આજે પાણીમાં ટર્બિલીટીનુ પ્રમાણ વધી જતા રોજ કરતા વધુ ડહોળુ પાણી આવ્યુ હોવાની પણ બુમ ઉઠવા પામી છે. તંત્ર દ્વારા આ પાણી ઉકાળીને ઉપયોગમાં લેવાની સલાહ પણ આપવામાં આવી છે. ત્યારે પાણીમાં ટર્બિલીટીમાં વધારો થતા પાણી પુરવઠા તંત્ર દ્વારા પાણીનો જાર ટેસ્ટ કરવાની પણ ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. જેના આધારે પાણીમાં કયુ તત્વ વધુ હોવાની સાથે ટર્બિલીટી વધવાનુ કારણ પણ

● અનુસંધાન પાન-૭ પર

# વોર્ડ નં. ૩, ૭ અને ૮ને ઓપન ડેફીનેશન ફ્રી એરિયા તરીકે ઘોષિત કરવાનો નિર્ણય

## ગતિશીલ ગુજરાત અંતર્ગત ત્રણ વોર્ડ ઓપન ડેફીનેશન ફ્રી એરિયા જાહેર કરાયા : ગોકુલપુરામાં માર્ગ બનાવવાનું ટેન્ડર પણ મંજૂર કરવામાં આવ્યું : ટ્રી ગાર્ડના ટેન્ડરને પણ બહાલી

ગાંધીનગર, તા. ૧૯ ગાંધીનગર મહાનગરપાલિકાએ આજે સ્વચ્છતા મિશન અંતર્ગત વોર્ડ નં. ૩, ૭ અને ૮ને ઓપન ડેફીનેશન ફ્રી એરિયા તરીકે ઘોષિત કર્યા છે.

વોર્ડ નં. ૩, ૭ અને ૮માં મનપા સત્તાવાળાઓએ ત્રણ મોબાઈલ ટોયલેટની સુવિધા પણ આ માટે ઉપલબ્ધ કરાવી છે. વોર્ડ નં. ૩માં સે. ૨૦ ખાતે, વોર્ડ નં. ૭માં સે. ૬ ખાતે તેમજ વોર્ડ નં. ૮માં સે. ૩એ-ન્યુ ખાતે મોબાઈલ ટોયલેટની સુવિધા આપવાનો નિર્ણય પણ લેવાયો છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અન્ય સેક્ટરોની તુલનામાં અહિ ઓછી ઝુંપડપટ્ટી આવેલી છે એટલુ જ નહિ આ સેક્ટરોમાં વિકાસ પણ સારો એવો થયેલો છે. આ બધી પરિસ્થિતિને ધ્યાને રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

વોર્ડ નં. ૩નું મેયર પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. જ્યારે વોર્ડ નં. ૮માંથી સ્થાયી સમિતિના ચેરમેન પ્રતિનિધિત્વ કરી રહ્યા છે તે પણ ઉલ્લેખનીય છે.

● અનુસંધાન પાન-૭ પર

# મીની ટ્રેઈન- બોટીંગના દરમાં ૧૦૦ ટકા વધારો

## સ્થાયી સમિતિમાં બીજીવાર આવેલ ભાડા વધારાની દરખાસ્તને મંજૂરી અપાઈ : સ્વીપર મશીન મેનેજમેન્ટ માટે રિટેન્ડરીંગ કરાશે

ગાંધીનગર, તા. ૧૯ ગાંધીનગર શહેરમાં પ્રવાસીઓનું આકર્ષણ બનેલ બાલોદ્યાનમાં મીની ટ્રેઈન અને બોટીંગના દરોમાં ૧૦૦ ટકાના વધારાને આજે સ્થાયી સમિતિએ મંજૂરીની મહોર લગાવી દીધી છે.

બાલોદ્યાનનો વહીવટ મનપાએ સંભાળ્યાના પ્રથમ વર્ષમાં જ મીની ટ્રેઈન અને બોટીંગના દરોમાં આટલો જંગી વધારો કરવામાં આવતાં કોંગ્રેસ પક્ષે તે સામે આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.

આજે બપોરે ૧ વાગે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં આ ભાડા વધારાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. બાલોદ્યાનમાં હાલ મીનીટ્રેઈનના બે દરો અમલી છે. જેમાં ૧૨ વર્ષથી નીચેના બાળકના હવે રૂ. ૫ ને બદલે રૂ. ૧૦ વસુલવામાં આવશે જ્યારે બાર વર્ષથી ઉપરની આયુ ધરાવતાની રૂ. ૧૦ના બદલે રૂ. ૨૦ વસુલવામાં આવશે.

સ્થાયી સમિતિએ બોટીંગ માટે જે રૂ. ૫નો દર હતો તે વધારીને રૂ. ૧૦નો કરવાનો પણ નિર્ણય કર્યો છે.

સ્થાયી સમિતિએ અગાઉ આ ભાડા-વધારાની દરખાસ્તને નામંજૂર કરી હતી પરંતુ હવે તંત્ર દ્વારા તે પુનઃ રજુ કરવામાં આવી હતી જેનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

આ ભાડા-વધારાને કારણે ટ્રેઈનના મેઈન્ટેનન્સ ખર્ચને પહોંચી વળવામાં તંત્રને રાહત થશે તેમ તંત્રના સૂત્રોનું કહેવું છે. જો કે ટ્રેઈનની જાળવણી, નિભાવણી અને મરામત પાછળ ખુબ જંગી ખર્ચ થતો હોય છે. તંત્ર નવુ એન્જીન પણ ફીટ કરી ટ્રેઈન સેવાને નિયમિત કરવાની વિચારણા કરવામાં આવી રહી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં રોડ સ્વીપર મશીન મેનેજમેન્ટ માટેના ટેન્ડર તેમજ ઈલેક્ટ્રીકલ અને સિવીલ વર્કના કામ માટે મંગાવાયેલ ટેન્ડરને રિજેક્ટ કરી પુનઃ ટેન્ડરીંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજની આ બેઠકમાં મંડપ ડેકોરેશન માટેનું ટેન્ડર, પેવર બ્લોગનું કામ કરતી એજન્સીની મુદતમાં વધારો કરી આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.


**બાજખેડાવાળ બ્રાહ્મણ બેસણું**



અમારા વડિલશ્રી **યશવંતરાય ફુલચંદ ભટ્ટ** (શ્રી બાલાજી ભગવાન વિશ્વ મંદિર ટ્રસ્ટ, સે.૧૬, ગાંધીનગર)ના ટ્રસ્ટી તા. ૧૩/૮/૨૦૧૬ને શનિવારે દેવલોક પામ્યા છે. **સદ્દગતાનું બેસણું/નોમું તા. ૨૧/૮/૨૦૧૬, રવિવારે સવારે ૧૦ થી ૧૨ કલાક** દરમિયાન રાખેલ છે.

સ્થળ : શ્રી બાલાજી મંદિર, શોપીંગ સેન્ટર પાસે, ઘ-૪ નજીક, સેક્ટર-૧૬, ગાંધીનગર.

**સુરેન્દ્ર હરિપ્રસાદ ભટ્ટ** **નયના સુરેન્દ્ર ભટ્ટ**
**દિનકરરાય યશવંતરાય ભટ્ટ** **સરલા દિનકરરાય ભટ્ટ**
**વિહાર દિનકરરાય ભટ્ટ**


# ખરીફ ઋતુનુ વાવેતર એક લાખ હેક્ટરને પાર

ગાંધીનગર, તા. ૧૯ ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુની વાવણી તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે અને ખેડૂતો ફેર રોપણીના પાકોના વાવેતરમાં વ્યસ્ત બન્યા છે. છેલ્લા એક સપ્તાહમાં જ ૨૫ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં થવા પામ્યું છે.

જિલ્લા ખેતીવાડીતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં એક લાખ ૩ હજાર ત્રણસો તેત્રીસ હેક્ટરમાં વાવેતર થઈ ચુક્યુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં દહેગામમાં સૌથી વધુ વાવેતર થયુ છે જે ૩૨,૩૬૫ હેક્ટર વિસ્તારમાં નોંધાયું છે. આ પછી બીજા ક્રમે ગાંધીનગર તાલુકો આવે છે જ્યાં ૨૮,૪૮૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે. માણસામાં ૨૩,૫૯૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર અને કલોલમાં ૧૮,૯૮૦ હેક્ટર વિસ્તારમાં નોંધાયું છે.

જિલ્લામાં દિવેલાનું વાવેતર વધીને ૧૩,૬૭૮ હેક્ટર, અડદનું વાવેતર ૩૪૮૮ હેક્ટર, મગનું વાવેતર ૩૨૧૪ હેક્ટર, શાકભાજીનું વાવેતર ૯૪૭૨ હેક્ટર, ગુવારનું ૧૦,૨૮૩ હેક્ટર વિસ્તારમાં નોંધાયું છે.

● અનુસંધાન પાન-૭ પર


**શ્રધ્ધાંજલિ**



**સ્વ.પટેલ હસમુખભાઈ અંબાલાલ**
સ્વ.તા.૦૬/૦૮/૨૦૧૬ (વતન-કોલવડા) (USA)

આપનો હસમુખો ચહેરો, આપનો સરળ અને નિખાલસ સ્વભાવ, આપના સબંધીઓ તથા મિત્રો પ્રત્યેની ઉમદા ભાવના વતન પ્રત્યેનો અપાર પ્રેમ અમને સદાય યાદ રહેશે, આપ અમારાથી દુર અમેરિકા જઈ રહ્યા, હવે પ્રભુ પાસે જઈ વસ્યા છતાં આપની યાદ અમારા માટે સદા જીવંત છે.
આપના આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રભુ પ્રાર્થના....

પટેલ અમૃતભાઈ ભીખાભાઈ (કોલવડા - ગાંધીનગર)
પટેલ પંકજભાઈ કાન્તિલાલ (કોલવડા - ગાંધીનગર)
પટેલ મનિષકુમાર કાન્તિલાલ (કુડાસણ - ગાંધીનગર)
પટેલ કિરણકુમાર ધર્મેન્દ્રભાઈ (છત્રાલ - ગાંધીનગર)


# સે-૨૮ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યા હલ થશે

ગાંધીનગર તા ૧૯ સે-૨૮ જી આઈ ડી સી તેમજ આદિવાડા વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યા ડામવા માટે રૂ ૧ કરોડના ખર્ચે લાઈનનુ કામ હાથ ધરાશે. જી આઈ ડી સી થી સે- ૨૪ ટેન્ડર પ્રકીયાના અંતે કામ હાથ ધરાશે.

## જી આઈ ડી સી થી સે-૨૪ ચાર રસ્તા સુધી નવી લાઈનના જોડાણ માટે કોર્પોરેશને રૂ ૧ કરોડનો ચેક આપ્યો : બે મહીનામાં નવી લાઈનનુ કામ હાથ ધરાશે

ચાર રસ્તા સુધી નવા જોડાણની લાઈનનુ કામ હાથ ધરાશે જેથી આ વિસ્તારમાં ગટર લાઈનનુ ભારણ ઘટતા સમસ્યાનો ઉકેલ આવશે. આ કામગીરી માટે કોર્પોરેશન દ્વારા માર્ગ મકાન વિભાગને રકમ ફાળવી દેવાતા

શહેરમાં વધતી વસતી અને વિકાસના અંતે ગટર લાઈનને અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાનુ સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં પણ ગટરો ઉભરાવાની સમસ્યા શિરદર્દ સમાન

● અનુસંધાન પાન-૭ પર


**ફૂલ બોડી મસાજ માટે સંપર્ક કરો**
**વીસ વર્ષનો અનુભવ**
**- કનુ બારૈયા -**
**૮૭૩૩૯૭૦૩૦૯**










**શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ**

નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-3, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
**ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે**

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com